RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616

ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક

સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

**સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર**

**વાંચો અંદરના પેજ પર**



પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન ૨૦૨૬ અંતર્ગત સુરત મહાનગર પ્રશિક્ષણ વર્ગ

**વાંચો અંદરના પેજ પર**



પાટિયા ગ્રુપ, હળવદ દ્વારા ૧૦,૦૦૦ ફુલસ્કેપ અને ૩૦૦ સ્કૂલબેગનું નિ:શુલ્ક વિતરણ

● સ્થાપક તંત્રી :- હસુભાઈ ઠાકર ● તંત્રી :- ડો. ઇલેવાન ઠાકર ● Year - 20 ● Issue - 38 ● 06-07-2026 - MONDAY ● Price : 0.90/- (Paisa) , annual : 280/- ● Page : 8

કાર્યાલય :- ૪૦૩, ચોથે માળ, અખબારભવન સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧ (ગુજ.) ● અમદાવાદ કાર્યાલય :- ૫ અવની હાઉસ બીજો માળ, મીઠાખળી રેલ્વે ક્રોસિંગ પાસે, મીઠાખળી ગામ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ● e-mail : kisanrajdaily@yahoo.com, Mo. 99784 07016 , 93288 95485

## નેશનલ-ઈન્ટરનેશનલ

### અમેરિકાના ૨૫૦મા સ્વતંત્રતા દિવસે પીએમ મોદીએ ટ્રમ્પને પાઠવી શુભેચ્છા

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૫**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને અમેરિકાના નાગરિકોને દેશના ૨૫૦મા સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી છે. વડાપ્રધાન મોદીએ X પર કરેલી પોસ્ટમાં જણાવ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો માત્ર વ્યૂહાત્મક ભાગીદારી પૂરતા મર્યાદિત નથી. તેમણે લોકશાહી, કાયદાનું શાસન અને બંને દેશોના લોકોની અસીમ ક્ષમતા પ્રત્યેની સંયુક્ત પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

વડાપ્રધાને જણાવ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચે માત્ર વ્યૂહાત્મક ભાગીદારી જ નથી, પરંતુ બંને દેશો લોકશાહી, કાયદાના શાસન અને પોતાના લોકોની અસીમ ક્ષમતા પ્રત્યેની પ્રતિબદ્ધતા દ્વારા પણ જોડાયેલા છે. દ્વિપક્ષીય સંબંધોના ભવિષ્ય પર વિશ્વાસ વ્યક્ત કરતાં PM મોદીએ આશા વ્યક્ત કરી કે આગામી ૨૫૦ વર્ષ અમેરિકા માટે વધુ સમૃદ્ધિ, શાંતિ અને પ્રગતિ લાવશે તેમજ ભારત-અમેરિકાની ભાગીદારીને નવી ઊંચાઈઓ પર પહોંચાડશે.

૧.૪ અબજ ભારતીયો વતી હું રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને અમેરિકાના લોકોને તમારા સ્વતંત્રતાના ઐતિહાસિક ૨૫૦મા વર્ષની હાર્દિક શુભેચ્છા પાઠવું છું. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો માત્ર વ્યૂહાત્મક ભાગીદારીથી પણ આગળ છે. લોકશાહી, કાયદાના શાસન અને આપણા લોકોની અસીમ ક્ષમતામાં રહેલો આપણો સંયુક્ત વિશ્વાસ આપણી મિત્રતાને વૈશ્વિક કલ્યાણ માટેની એક મજબૂત શક્તિ બનાવે છે.

આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ શનિવારે અમેરિકાના સ્વતંત્રતાના ૨૫૦મા વર્ષની ઉજવણી નિમિત્તે એક ભવ્ય કાર્યક્રમ યોજવાના છે. આ કાર્યક્રમ ઘણા અઠવાડિયાથી ચાલી રહેલી ઉજવણીનો સમાપન કાર્યક્રમ હશે, જેની કેટલાક વિરોધીઓએ ટીકા પણ કરી છે. તેમનો દાવો છે કે આ કાર્યક્રમો ઝડપથી રાજકીય પક્ષપાત તરફ આગળ વધી રહ્યા છે. સમગ્ર અમેરિકામાં લોકો પરંપરાગત 'ફોર્થ ઓફ જુલાઈ' (૪ જુલાઈ)ની ઉજવણી સાથે આ ઐતિહાસિક અવસરની ઉજવણી કરી રહ્યા છે. તેમાં આતશબાજી, પરેડ અને વિવિધ સમુદાયિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ફિલાડેલ્ફિયામાં ૬ કલાકનો કોન્સર્ટ યોજાઈ રહ્યો છે, જ્યારે ન્યૂયોર્ક શહેરમાં દુનિયાભરના મોટા જહાજોની પરેડનું આયોજન કરવામાં આવ્યું છે.

પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત ગયા મહિને ફ્રાન્સમાં યોજાયેલા G7 શિખર સંમેલન દરમિયાન થઈ હતી. ફ્રાન્સના એવિયન-લે-બેન્સ વિસ્તારમાં યોજાયેલી આ બેઠક દરમિયાન ટ્રમ્પેઁસ મોદી સાથેની પોતાની ચર્ચાને ખૂબ જ સારી ગણાવી હતી. આ બેઠક એટલા માટે પણ મહત્વપૂર્ણ હતી કે તે એવા સમયે થઈ હતી, જ્યારે બંને દેશો ટેરિફ વિવાદ, ભારત-પાકિસ્તાન સંઘર્ષમાં મધ્યસ્થીને લઈને ટ્રમ્પના દાવા અંગેનો મતભેદ, ભારતીયોને અસર કરતા અમેરિકાના કડક ઈમિગ્રેશન પગલાં અને ઓમાન નજીક વ્યાપારી જહાજો સાથે જોડાયેલા અમેરિકન સૈન્ય હુમલામાં ત્રણ ભારતીય નાવિકોના મોત જેવા મુદ્દાઓને કારણે તણાવગ્રસ્ત બનેલા સંબંધોને ફરી સામાન્ય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

### મુંબઈમાં ભારે પવન અને ગાજવીજ સાથે મેઘરાજાની તોફાની બેટિંગ

**(સંપૂર્ણ સમાચાર સેવા) મુંબઈ, તા.૫**

મુંબઈમાં ચોમાસાનો વરસાદ ફરી એકવાર તોફાની બન્યો છે. શહેરમાં ભારે વરસાદ સાથે જોરદાર પવન ફૂંકાઈ રહ્યો છે, જેના કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. જો તમે છત્રી લઈને બહાર નીકળતા હોવ તો પણ ભારે વરસાદ અને પવનથી બચવું મુશ્કેલ બની રહ્યું છે. વરસાદના કારણે શહેરમાં વિઝિબિલિટી ખૂબ જ ઘટી ગઈ છે અને સમુદ્રમાં ઊંચી લહેરો ઊઠવા લાગી છે.

શહેરની ઊંચી ઈમારતો ધુમ્મસની ચાદરમાં લપેટાયેલી જોવા મળી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC)એ નાગરિકોને અપીલ કરી છે કે અત્યંત જરૂરી હોય ત્યારે જ ઘર બહાર નીકળવું. પોતાની અને પરિવારની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અનાવશ્યક મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે. મુંબઈના કોસ્ટલ રોડ વિસ્તારમાં હાલમાં ખૂબ જ તેજ પવન ફૂંકાઈ રહ્યો છે.

ભારતીય હવામાન વિભાગ (IMD)એ આજે પણ મુંબઈના અનેક વિસ્તારો માટે રેડ એલર્ટ યથાવત રાખ્યું છે. મ્સ્ઝએ પણ ભારે વરસાદની ચેતવણી સાથે હાઈ ટાઈડ (સમુદ્રમાં ઊંચી લહેરો) અંગે એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગ અનુસાર, ઉત્તર કોંકણના જિલ્લાઓમાં કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ તેમજ કેટલીક જગ્યાએ અત્યંત ભારે વરસાદ પડી શકે છે. દક્ષિણ મધ્ય મહારાષ્ટ્રના ઘાટ વિસ્તારોમાં પણ ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત ઉત્તર મધ્ય મહારાષ્ટ્રના ઘાટ વિસ્તારોમાં ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન, વીજળીના કડાકા-ભડાકા અને અતિભારે વરસાદની સંભાવના છે. જ્યારે મરાઠવાડાના જિલ્લાઓમાં ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન, વીજળીના કડાકા સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

ભારે વરસાદ અને પવનને કારણે મુંબઈમાં અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની તેમજ ટ્રાફિક અને લોકલ ટ્રેન સેવાઓ પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રશાસને નાગરિકોને સાવચેત રહેવા અને હવામાન વિભાગની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે.

## ૧૫ ફ્લાઈટને અસર, IMDનું વધુ એલર્ટ

# દિલ્હીમાં વરસાદનો કહેર, અનેક વિસ્તારો જળબંબાકાર





### દિલ્હીમાં ચોમાસાના પહેલા ભારે વરસાદથી જળબંબાકાર અને ટ્રાફિક જામથી લોકો પરેશાન થયા : વરસાદને કારણે મુખ્ય માર્ગો અને અંડરપાસમાં પાણી ભરાયા હતા

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૫**

દિલ્હીમાં ચોમાસાના પહેલા ભારે વરસાદે લોકોને અસહ્ય ગરમીથી રાહત તો આપી, પરંતુ જળબંબાકાર અને ભારે ટ્રાફિક જામના કારણે લોકો પરેશાન થયા હતા. કુલ ૧૫ ફ્લાઈટ્સ ડાયવર્ટ કરવી પડી હતી, જેમાં ૫ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ હતી. હવામાન વિભાગે આગામી સમયમાં પણ સતત વરસાદની સંભાવના વ્યક્ત કરી છે, જેનાથી પાણી ભરાવાની સમસ્યા વધી શકે છે. વહીવટીતંત્રે લોકોને જરૂર હોય તો જ, ઘરની બહાર નીકળવા અપીલ કરી છે. રાજધાની દિલ્હીમાં ચોમાસાના પહેલા વરસાદે લોકોને અસહ્ય ગરમીથી રાહત અપાવી છે, પરંતુ અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી અને લાંબો ટ્રાફિક જામ થવાથી લોકો માટે મોટી મુશ્કેલી ઊભી થઈ છે. સવારથી શરૂ થયેલા ભારે વરસાદને કારણે શહેરના મુખ્ય માર્ગો અને અંડરપાસમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. દિલ્હીમાં વરસાદની સાથે જોરદાર પવન પણ ફૂંકાઈ રહ્યો છે, જેના કારણે કુલ ૧૫ ફ્લાઈટ્સના રૂટ ડાયવર્ટ કરવા પડ્યા છે. જેમાં ૫ આંતરરાષ્ટ્રીય અને ૧૦ સ્થાનિક (ડોમેસ્ટિક) ફ્લાઈટ્સ સામેલ હતી.

વરસાદ દરમિયાન દ્વારકા એક્સપ્રેસવેના અંડરપાસમાં પાણી ભરાઈ જવાને કારણે વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. તેની અસર સમગ્ર દ્વારકા એક્સપ્રેસવે પર જોવા મળી હતી, જ્યાં કલાકો સુધી વાહનો અટવાયા હતા. આ સિવાય મિન્ટો બ્રિજ, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ એરિયા, તુગલકાબાદ, પુલ પ્રહલાદપુર અને બાયો ડાયવર્સિટી પાર્ક સહિતના ઘણા વિસ્તારોમાં પણ, પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ હતી. લોકોને ઓફિસ અને અન્ય સ્થળોએ પહોંચવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ખરાબ હવામાનની અસર હવાઈ સેવાઓ પર પણ પડી હતી. ભારે વરસાદ અને જોરદાર પવનને કારણે કુલ ૧૫ ફ્લાઈટ્સના રૂટ બદલવા પડ્યા હતા. આ ફ્લાઈટ્સને જયપુર અને લખનૌ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. હવામાન સામાન્ય થયા બાદ તેમને નિર્ધારિત સ્થળ માટે રવાના કરવામાં આવશે.

નોંધનીય છે કે દિલ્હીમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાએ આ વર્ષે ૨ જુલાઈના રોજ દસ્તક આપી હતી, જે સામાન્ય કરતાં લગભગ ૫ દિવસ મોડું પહોંચ્યું હતું. આકાસા એરલાઈન્સે જણાવ્યું છે કે દિલ્હીમાં ખરાબ હવામાનને કારણે અમારા નેટવર્કની કેટલીક ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે, મુસાફરોની અસુવિધા બદલ અમે ખેદ વ્યક્ત કરીએ છીએ.

ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, ૧ જુન થી ૩ જુલાઈની વચ્ચે દિલ્હીમાં સામાન્ય કરતાં ૪૯% ઓછો વરસાદ નોંધાયો છે. આ સમયગાળામાં સામાન્ય રીતે ૭૫.૧ મિમિ, વરસાદ થાય છે, જ્યારે આ વર્ષે માત્ર ૩૮.૨ મિમિ, વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે આગામી થોડા દિવસો સુધી દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સારો વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગનું માનવું છે કે, આગામી દિવસોમાં સતત વરસાદ પડશે, જેના કારણે પાણી ભરાવા અને ટ્રાફિક જામની સમસ્યાઓ વધુ વધી શકે છે.

## મેલબોર્ન મીટ્સ મોદી કાર્યક્રમમાં હુમલાની ધમકી

# ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા PM મોદીને જાનથી મારવાની ધમકી

**(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૫**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ જુલાઈથી ૧૦ જુલાઈ સુધી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જવાના છે. આ પ્રવાસ પહેલા તેમને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ધ ઓસ્ટ્રેલિયા ટુડેના અહેવાલ મુજબ, પીએમ મોદી સામેની આ ધમકી બાદ ઓસ્ટ્રેલિયન સુરક્ષા અધિકારીઓને એલર્ટ કરવામાં આવ્યા છે અને તેમણે આ મામલાની તપાસ શરૂ કરી છે.



તેમની મુલાકાતના શેડ્યૂલ મુજબ, પીએમ મોદી ૯ જુલાઈના રોજ 'મેલબોર્ન મીટ્સ મોદી' કાર્યક્રમમાં ભાગ લેવાના છે. આ કાર્યક્રમ મેલબોર્નના માર્વેલ સ્ટેડિયમમાં યોજાવાનો છે.

આ ધમકીમાં આ કાર્યક્રમ દરમિયાન હુમલો થવાની શક્યતા છે. પીએમ મોદી સામે જાનથી મારી નાખવાની ધમકી આ કાર્યક્રમનો પ્રચાર કરતી પોસ્ટના કોમેન્ટ સેક્શનમાં આપવામાં આવી હતી.

અહેવાલો અનુસાર, અબુ મુસ્તફા નામના ફેસબુક એકાઉન્ટ પરથી એક કોમેન્ટ પોસ્ટ કરવામાં આવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે, ઈવેન્ટ દરમિયાન સ્ટેડિયમની છત બંધ રહે તો સારું, નહીં તો તેઓ ઓસ્ટ્રેલિયા તેમના મોતને ભેટવા આવી રહ્યા છે. પોસ્ટ સામે આવ્યા પછી તરત જ આ મામલો ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસને સોંપવામાં આવ્યો હતો. એવું અહેવાલ છે કે તપાસ એજન્સીઓએ સોશિયલ મીડિયા પોસ્ટ સાથે સંકળાયેલ IP એડ્રેસ ઓળખી કાઢ્યું છે અને હવે તે નક્કી કરવા માટે કામ કરી રહી છે કે કોમેન્ટ કોણે કરી અને તેનો મૂળ હેતુ શું હતો. અધિકારીઓ આ કિસ્સામાં કોઈ ફોજદારી કાયદાનું ઉલ્લંઘન થયું છે કે કેમ તેની પણ તપાસ કરી રહ્યા છે. જોકે ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસે હજુ સુધી તપાસ અંગે સત્તાવાર નિવેદન જારી કર્યું નથી, સ્થાનિક મીડિયા અહેવાલો સૂચવે છે કે ઓસ્ટ્રેલિયન સુરક્ષા એજન્સીઓ કોઈપણ દેશના વડા અથવા સરકારના વડા સામેની ધમકીઓને અત્યંત ગંભીરતાથી લે છે.

વડાપ્રધાન મોદીની મુલાકાત દરમિયાન સુરક્ષા વ્યવસ્થાની જવાબદારી ઓસ્ટ્રેલિયન ફેડરલ પોલીસ, રાજ્ય પોલીસ દળો અને વિશિષ્ટ સુરક્ષા એકમો સહિત અનેક એજન્સીઓ વચ્ચે વહેંચવામાં આવશે. હાલમાં તમામ સુનિશ્ચિત કાર્યક્રમો માટે સુરક્ષા વ્યવસ્થાની વ્યાપક સમીક્ષા ચાલી રહી છે.

ઓસ્ટ્રેલિયાની તેમની મુલાકાત દરમિયાન, વડાપ્રધાન મોદી દ્વિપક્ષીય વાટાઘાટોમાં ભાગ લેશે અને ભારતીય સમુદાયને સંબોધિત કરશે. આ સંદર્ભમાં મેલબોર્નમાં આ કાર્યક્રમ ખાસ કરીને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ઓનલાઈન ધમકી બાદ, સુરક્ષા એજન્સીઓ કોઈપણ સંભવિત જોખમો સામે સતર્ક રહે છે અને આ બાબતની સંપૂર્ણ તપાસ ચાલુ છે.

## પુતિનનું વતન પણ ટાર્ગેટ પર

# યુક્રેનનો સૌથી મોટો એર એટેક! રશિયા પર વરસાવ્યા ૪૦૦ ડ્રોન

**(સંપૂર્ણ સમાચાર સેવા) મોસ્કો, તા.૫**



રશિયા અને યુક્રેન વચ્ચેના આ રક્તરંજિત યુદ્ધને ૧,૫૯૨ દિવસ થઈ ચૂક્યા છે, છતાં બંને પડોશી દેશો વચ્ચેની દુશ્મની ઓછી થવાનું નામ નથી લઈ રહી. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ અનેક પ્રયાસો છતાં બંને દેશો વચ્ચે સમાધાન કરાવવામાં સફળ રહ્યા નથી. છેલ્લા કેટલાક અઠવાડિયામાં બંને દેશો વચ્ચેની લડાઈ વધુ ખતરનાક બની ગઈ છે. યુક્રેને અગાઉ રશિયાની ઓઈલ રિફાઈનરીઓ અને શોપિંગ સેન્ટરોને નિશાન બનાવી સતત ડ્રોન હુમલા કર્યા હતા, જેના જવાબમાં મોસ્કોએ પણ ભારે પ્રહાર કર્યા હતા. હવે ફરી એકવાર યુક્રેને રશિયાને પડકાર આપ્યો છે. આ વખતે યુક્રેનના ડ્રોન પુતિનના વતન સુધી પહોંચી ગયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

યુક્રેને શનિવારે રશિયા સામે અત્યાર સુધીનો સૌથી મોટો અને ઘાતક ડ્રોન હુમલો કરીને સીધા રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિનના વતન સેન્ટ પીટર્સબર્ગને નિશાન બનાવ્યું હોવાનું કહેવાય છે. રશિયન એજન્સીઓએ પણ કલ્પના કરી નહોતી કે યુદ્ધના મેદાનથી હજારો કિલોમીટર દૂર આવેલું શહેર અચાનક યુદ્ધનું મુખ્ય કેન્દ્ર બની જશે. શનિવારે યુક્રેનના ડ્રોનોએ રશિયાના બીજા સૌથી મોટા શહેર અને પુતિનના વતન સેન્ટ પીટર્સબર્ગમાં હુમલો કર્યો હતો. આ હુમલામાં સેન્ટ પીટર્સબર્ગનું એક મુખ્ય ઓઈલ ટર્મિનલ નિશાના પર આવ્યું હોવાનું જણાવાયું છે. એટલું જ નહીં, નાટોના સભ્ય દેશ ફિનલેન્ડની સરહદ નજીક આવેલા એક રશિયન બંદર પર પણ યુક્રેને હુમલો કર્યો હોવાનું કહેવાય છે. આ હુમલો કેટલો ગંભીર હતો તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે યુક્રેનના ડ્રોન રશિયાના ઐતિહાસિક પીટરહોફ પેલેસ કોમ્પ્લેક્સ સુધી પહોંચી ગયા હતા. આ ૧૮મી સદીનો અત્યંત સુંદર અને ઐતિહાસિક શાહી મહેલ છે. સેન્ટ પીટર્સબર્ગના ગવર્નર એલેક્ઝાન્ડર બેગ્લોવે પણ સ્વીકાર્યું કે ડ્રોનોએ કિરોવ્સ્ક જિલ્લામાં આવેલા ઓઈલ ટર્મિનલને નિશાન બનાવ્યું હતું. જોકે તેમણે દાવો કર્યો કે એર ડિફેન્સ સિસ્ટમે ૭૨ ડ્રોનને તોડી પાડ્યા, જેમાંથી એક પીટરહોફ વિસ્તારમાં પડ્યો હતો. તેમ છતાં આ હુમલાએ રશિયાની સુરક્ષા વ્યવસ્થા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

આ કોઈ સામાન્ય હુમલો નહોતો, પરંતુ આકાશમાંથી વરસેલા ડ્રોન હુમલાની એવી લહેર હતી, જેના કારણે રશિયાના એક-બે નહીં, પરંતુ એક ડઝનથી વધુ વિસ્તારો પ્રભાવિત થયા હોવાનું જણાવાયું છે.

મોસ્કોના જણાવ્યા અનુસાર શુક્રવાર સાંજથી અત્યાર સુધી યુક્રેને લગભગ ૪૦૦ ઘાતક ડ્રોન દ્વારા રશિયાના વિવિધ વિસ્તારો પર હુમલા કર્યા છે. આ હુમલાઓમાં રાજધાની મોસ્કો અને પુતિનનું શહેર સેન્ટ પીટર્સબર્ગ પણ સામેલ હતા.

તંત્રીની કલમે

# જગતનું મોટામાં મોટું યુદ્ધ મનનું છે

ત્રીજા વિશ્વ યુદ્ધની આગાહી થઈ ચુકી છે ક્યારે શું થશે તે કોઈ કહી શકે તેમ નથી ,જો યુદ્ધ થશે તો એટલું ભયાનક હશે કે જેની કોઈ કલ્પનાજ કરી શકશો નહી, કારણકે દુનિયાના બધા જ દેશોએ એટલા બધા હથિયારો સજાવી રાખ્યા છે, કે આવી સુદર દુનિયા હતી ન હતી થઈ જવાની છે. તેમાં કોઈ શંકા નથી,જગતમાં અનેક યુધ્ધો થઈ ચુક્યા છે, પણ તેનાથી કોઈ પ્રશ્નો કદી પણ પત્યા જ નથી., પ્રશ્નો ત્યાના ત્યાજ રહ્યા છે, તે સોનો અનુભવ છે, તેમ છતાં સબક શીખવામાં આવતો નથી, માનવ માત્ર એક જ પિતાના પુત્રો છે ,છતાં વિશાળતાંથી વિચારી શકતો નથી અને અહંકારમાં જ જીવે છે અને યુધ્ધો કરે છે, યુદ્ધથી ખુવારી અને અંતે બન્ને પક્ષોને પસ્તાવા સિવાય કાઈ હાથમાં આવતું પણ નથી, કલાપી એ કહ્યું છે, હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે, પાપી તેમાં ડૂબકી દઈ ને પવિત્ર થાય છે ,પણ ત્યારે મોડું થઈ ગયું હોય છે,પસ્તાવા પછી પણ અહંકાર ઓગળતો નથી ત્યાંજ મુશ્કેલી છે, માનસમાં રહેલી યુધ્ધની વૃત્તિનું માનસિક પૃથ્થકરણ કરીએ તો સમજાય છે, કે આ દુનિયા જ્યારથી અસ્તિત્વમાં આવી છે, અને માણસ દુનિયામાં વસવા લાગ્યો છે, ત્યારથી જ માણસનું મન બે જુદી જુદી દિશાઓમાં દોડી રહ્યું છે ક્યારેક તેની સ્વાર્થ ભણી દોટ હોય છે , તો ક્યારેક નિસ્વાર્થ ભણી પણ ,સ્થિર થઈ શકતો જ નથી,શુદ્ધ થઈ શકતો જ નથી કે સત્યવાદી થઈ શક્યો નથી અને અહંકારથી મુક્ત થઈ શકતો નથી ,આમ સત્ય અને અસત્ય, ભલાઈ અને બુરાઈ, પાપ અને પુણ્ય ,ધર્મ અને અધર્મ માટે માણસ લડતો જ આવ્યો છે.લડતો જ રહ્યો છે, માણસ દોડતો માલુમ પડે છે, શું સાથે લઈ જવું છે, તે જ ખબર પડતી નથી ખાલી હાથે આવ્યો છે, ને ખાલી હાથેજ જવાનો છે, છતાં આનંદપૂર્વક જીવતો જ નથી ,જીવતા જ આવડતું નથી માત્ર ને માત્ર જીવનમાં ઉપભોગ ભાવથી નિવૃત થઈ, ઉપયોગ ભાવમાં થઈ ને જ જીવવાની જરૂર છે,આ સિવાય કાંઈજ કરવાની જરૂર નથી પણ આટલું જ માણસ કરી શકતો નથી,જો આટલું જ કરી ને જીવે જાય તો સાચી શાંતિ ને આનદ પ્રાપ્ત થાય તે દીવા જેવી સત્ય હકીકત છે.



ઈલેવાન ઠાકર

# રફાળેશ્વર GIDCના ગોડાઉનમાં ભીષણ આગથી હજારો મણ મગફળીનો જથ્થો ખાખ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મોરબી,તા.૫

મોરબીના ઔદ્યોગિક વિસ્તાર ગણાતા રફાળેશ્વર GIDCમાંથી એક માઠા સમાચાર સામે આવ્યા છે. અહીં આવેલા એક બંધ સિરામિક કારખાનાના પરિસરમાં અચાનક જ ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં સરકારી ખરીદી બાદ મોટા પ્રમાણમાં મગફળીનો જથ્થો સંગ્રહિત કરીને રાખવામાં આવ્યો હતો. આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ હતી કે જોતજોતામાં તેણે આખાય ગોડાઉનને પોતાની ઝપેટમાં લઈ લીધું હતું. આ અગ્નિકાંડને પગલે આસપાસના વિસ્તારોમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને ધુમાડાના કાળા ડિબાંગ વાદળો આકાશમાં ઉંચે સુધી દેખાયા હતા.

આ સરકારી ગોડાઉનમાં આશરે ૧.૫૯ લાખ બોરી જેટલો મગફળીનો વિશાળ જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો હતો. આગ લાગવાના કારણે હજારો મણ મગફળી બળીને ખાખ થઈ ગઈ છે, જેનાથી કરોડો રૂપિયાનું ભારે આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. આગની તીવ્રતાને જોતા એક પછી એક એમ કુલ ૭ જેટલા ફાયર ફાઈટરોને તૈનાત કરવામાં આવ્યા હતા. ફાયર ફાઈટરના જવાનો દ્વારા સતત પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અકસ્માત બાદ સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ગોડાઉનમાં આટલો મોટો મગફળીનો જથ્થો સળગી જતાં તંત્રમાં પણ દોડધામ મચી ગઈ છે. પ્રાથમિક દ્રષ્ટિએ આટલી ભયાનક આગ શોર્ટ સર્કિટના કારણે લાગી કે અન્ય કોઈ કારણસર, તે હજુ સુધી સત્તાવાર રીતે જાણી શકાયું નથી. જવાબદાર તંત્ર અને પોલીસ દ્વારા આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી છે. એફએસએલ (FSL) ની ટીમની મદદથી આ અકસ્માત પાછળના વાસ્તવિક કારણો શોધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# જામનગરમાં ચાની હોટલમાં તસ્કરોનો હાથફેરો

(સંપૂર્ણ સમાચાર સેવા)
જામનગર,તા.૫

જામનગર શહેરના નાનકપુરી વિસ્તારમાં ગુરુ નાનક મંદિર પાસે આવેલી સુરેશ ચાની હોટલમાં મોડીરાત્રે બે અજાણ્યા તસ્કરોએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હોવાની માહિતી સામે આવી છે. આ ચોરીની ઘટનાની ખાસ વાત એ છે કે તસ્કરોએ દુકાનમાં પ્રવેશ કર્યા બાદ સૌથી પહેલાં પોતાની ભૂખ સંતોષી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, બંને તસ્કરો ચોરીના ઈરાદે હોટલમાં ઘૂસ્યા હતા. દુકાનમાં પ્રવેશ્યા બાદ તેમણે ત્યાં રહેલા બિસ્કિટ, ચોકલેટ, વેફરના પેકેટ, ઠંડા પીણાં તેમજ ઠંડા પાણીની બોટલનો ઉપયોગ કરી પેટનો ખાડો પૂર્યો હતો. ત્યારબાદ તેઓએ દુકાનમાં રહેલી રોકડ રકમ સહિતનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ચોરીની આ સમગ્ર ઘટના દુકાનમાં લગાવવામાં આવેલા CCTV કેમેરામાં કેદ થઈ હોવાનું જાણવા મળ્યું છે. ફૂટેજમાં બે શખ્સો ચોરી કરતાં સ્પષ્ટ રીતે જોવા મળ્યા હોવાનું વેપારી દ્વારા જણાવાયું છે. આ CCTV ફૂટેજ પોલીસને સોંપવામાં આવ્યા છે.

પ્રાથમિક અંદાજ મુજબ ચોરીમાં આશરે રૂ.૧.૨૦ લાખની રોકડ રકમની ચોરી થઈ હોવાનું જણાવાઈ રહ્યું છે. જોકે, ચોરી ગયેલા મુદ્દામાલ અને નુકસાન અંગેનો ચોક્કસ આંકડો પોલીસ તપાસ અને વેપારીના હિસાબ બાદ સ્પષ્ટ થશે.

ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને સ્થળનું નિરીક્ષણ કરીને તપાસ શરૂ કરી છે. વેપારીના નિવેદનના આધારે પોલીસ ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સાથે જ ઝઝ્ફ ફૂટેજ તથા અન્ય ટેક્નિકલ પુરાવાના આધારે આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ ઘટનાને પગલે નાનકપુરી વિસ્તારના વેપારીઓમાં ચિંતા અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

# અમરેલીમાં કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો પત્ર મળતા તંત્રમાં ભારે દોડધામ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમરેલી,તા.૫

અમરેલી જિલ્લા સેવા સદનમાંથી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો એક અજ્ઞાત પત્ર મળતાની સાથે જ સમગ્ર સરકારી તંત્ર અને વહીવટી વિભાગોમાં ભારે ફફડાટ અને દોડધામ મચી ગઈ હતી. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરક્ષાના ભાગરૂપે તાત્કાલિક ધોરણે આખી કલેક્ટર કચેરીને ખાલી કરાવી દેવામાં આવી હતી. કચેરીની અંદર હાજર તમામ સરકારી અધિકારીઓ, કર્મચારીઓ અને પોતાના કામકાજ અર્થે આવેલા મોટી સંખ્યામાં અરજદારોને તાબડતોબ સુરક્ષિત રીતે બિલ્ડિંગની બહાર કાઢવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લા પોલીસનો ઉચ્ચ અધિકારીઓ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. કલેક્ટર કચેરીની આસપાસ અને અંદરના તમામ વિભાગોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પોલીસ વિભાગની વિશેષ ટીમ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની મદદથી સમગ્ર કચેરી પરિસરમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કચેરીના દરેક ખૂણા, સરકારી રેકોર્ડ રૂમ, પાર્કિંગ એરિયા અને આસપાસની શંકાસ્પદ વસ્તુઓની ઝીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી હતી, જેને પગલે થોડા સમય માટે આખો વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો હતો.અમરેલી જિલ્લાના SP સંજય ખરાતેએ આ સમગ્ર ઘટના અંગે સત્તાવાર રીતે મીડિયા સમક્ષ વાત કરતા કલેક્ટર કચેરીને ધમકીભર્યો પત્ર મળ્યાની પુષ્ટિ કરી છે. આ પત્ર કોણે મોકલ્યો, તેની પાછળનો મુખ્ય ઈરાદો શું હતો અને આ કોઈ ટીખળખોરનું કૃત્ય છે કે કોઈ મોટું કાવતરું, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પત્રના સ્ત્રોત અને મોકલનાર અજ્ઞાત વ્યક્તિને ઝડપી પાડવા માટે સાયબર સેલ અને સ્થાનિક ગુપ્તચર એજન્સીઓની જુદી-જુદી ટીમો બનાવીને આગળની સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જસદણ નવોદય હોસ્ટેલમાં બાળકીના મોતથી ભારે આક્રોશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
જસદણ,તા.૫

થોડા દિવસો પહેલાં જસદણની આલ્ફા નવોદય એન્ડ સૈનિક સ્કૂલ ટ્રેનિંગ સેન્ટરની હોસ્ટેલમાં શંકાસ્પદ સંજોગોમાં મોતને ભેટેલી ભાવનગરની ૧૦ વર્ષીય આયુષી બદલાણિયાના મોતનો મામલો હવે વધુ ગરમાયો છે. હોસ્ટેલ સંચાલકોની ઘોર બેદરકારીના કારણે માસૂમ આયુષીનો ભોગ લેવાયો હોવાના આક્ષેપ સાથે આજે (ચોથી જુલાઈ) અમરેલીના રાજુલામાં આહીર સમાજ સહિત સર્વે સમાજના લોકો રસ્તા પર ઊતરી આવ્યા હતા. માસૂમ દીકરીને ન્યાય અપાવવા માટે મોટી સંખેયામાં લોકોએ એકઠા થઈને પ્રાંત કચેરી ખાતે મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. મળતી માહિતી અનુસાર, રાજુલામાં આહીર સમાજના અગ્રણીઓ, કાર્યકરો અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં હાથમાં માસૂમ બાળકીના ફોટા સાથેના પોસ્ટરો અને બેનરો લઈને એકઠા થયા હતા. રેલી સ્વરૂપે પ્રાંત કચેરીએ પહોંચેલા લોકોએ "ન્યાય આપો, ન્યાય આપો, આયુષીને ન્યાય આપો" ના ગગનભેદી સૂત્રોચ્ચાર કર્યા હતા. એક માસૂમ દીકરીના અકાળે અવસાનને લીધે સમગ્ર રાજુલા શહેરમાં ઘેરો શોક અને અરેરાટી વ્યાપી ગઈ છે. આ આક્રોશ પ્રદર્શન અને આવેદનપત્ર આપવાના કાર્યક્રમમાં રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરા સોલંકી પણ વિશેષ રૂપે જોડાયા હતા. તેઓએ પીડિત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, 'માસૂમ બાળકીના પરિવારજનોને ન્યાય મળે તે માટે હું સંપૂર્ણપણે તેમની સાથે ઊભો છું. દીકરીના મોત પાછળ જવાબદાર તત્વો સામે કડક પગલાં લેવાવા જ જોઈએ.' આવેદનપત્ર દ્વારા આહીર સમાજના આગેવાનોએ ઉગ્ર માંગ કરી છે કે, આલ્ફા નવોદય અને સૈનિક સ્કૂલ ટ્રેનિંગ સેન્ટર હોસ્ટેલના સંચાલકોની ગુનાહિત બેદરકારીના કારણે જ ૧૦ વર્ષની બાળકીનું મોત નીપજ્યું છે.

સચિન અને શેફાલી વર્માનો રેકોર્ડ તૂટયો

# ટીમ ઈન્ડિયામાં વૈભવ સૂર્યવંશીનું ડેબ્યૂ, ૧૫ વર્ષની ઉંમરે રચ્યો ઈતિહાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૫

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની T20 શ્રેણીની બીજી મેચ આજે માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાઈ રહી છે. ભારતીય ટીમે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો.

આ મેચમાં વૈભવ સૂર્યવંશી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરી રહ્યો છે, તેને તિલક વર્મા તરફથી ડેબ્યૂ કેપ મળી. સંજુ સેમસનની જગ્યાએ વૈભવને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો છે. આ સાથે જ વૈભવ સૂર્યવંશીએ સચિનનો રેકોર્ડ તોડ્યો છે.

વૈભવ સૂર્યવંશી ભારત માટે ડેબ્યૂ કરનાર સૌથી નાની ઉંમરનો ક્રિકેટર બન્યો છે. તે ૧૫ વર્ષ અને ૯૯ દિવસની ઉંમરે ઈંગ્લેન્ડ સામે પોતાની પહેલી આંતરરાષ્ટ્રીય મેચ રમી રહ્યો છે. વૈભવ સૂર્યવંશીએ દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકર અને મહિલા ક્રિકેટર શેફાલી વર્માના રેકોર્ડને તોડી નાખ્યા છે.

સચિન તેંડુલકરે ૧૯૮૯માં ૧૬ વર્ષ અને ૨૦૫ દિવસની ઉંમરે પાકિસ્તાન સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. વૈભવે દાયકાઓ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે.

આ પહેલા, ભારત માટે સૌથી નાની ઉંમરે ડેબ્યૂ કરનારનો રેકોર્ડ શેફાલી વર્મા (૧૫ વર્ષ, ૨૩૯ દિવસ)ના નામે હતો, પરંતુ હવે વૈભવે તેને પણ પાછળ છોડી દીધી છે.

ભારતીય પુરુષોના T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી નાની ઉંમરે ડેબ્યુ કરવાનો રેકોર્ડ અગાઉ વોશિંગ્ટન સુંદર (૧૮ વર્ષ, ૮૦ દિવસ)ના નામે હતો, જે રેકોર્ડ વૈભવે હવે પોતાના નામે કરી લીધો છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી નાની ઉંમરે ડેબ્યૂ કરનાર ખેલાડીઓ

૧. વૈભવ સૂર્યવંશીઃ ૧૫ વર્ષ, ૯૯ દિવસ (T20, ઈંગ્લેન્ડ સામે, ૨૦૨૬)

૨. શેફાલી વર્માઃ ૧૫ વર્ષ, ૨૩૯ દિવસ (T20, દક્ષિણ આફ્રિકા સામે, ૨૦૧૯)

૩. સચિન તેંડુલકરઃ ૧૬ વર્ષ, ૨૦૫ દિવસ (ટેસ્ટ, પાકિસ્તાન સામે, ૧૯૮૯)

૪. જેમીમાહ રોડ્રિગ્સઃ ૧૭ વર્ષ, ૧૩૦ દિવસ (T20, દક્ષિણ આફ્રિકા સામે, ૨૦૧૮)

૫. પાર્થિવ પટેલઃ ૧૭ વર્ષ, ૧૫૩ દિવસ (ટેસ્ટ, ઈંગ્લેન્ડ સામે, ૨૦૦૨)

ભલે વૈભવ ભારતનો સૌથી યુવા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કરનાર ખેલાડી બન્યો છે, પરંતુ સૌથી યુવા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કરવાનો વૈશ્વિક રેકોર્ડ હજુ પણ પાકિસ્તાનના હસન રઝાના નામે છે. હસન રઝાએ ૧૯૯૬માં માત્ર ૧૪ વર્ષ અને ૨૨૭ દિવસની ઉંમરે ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.

ત્યારબાદ તેણે ૧૪ વર્ષ અને ૨૩૩ દિવસની ઉંમરે વનડે ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. તે વિશ્વનો એકમાત્ર ખેલાડી છે જેણે ૧૫ વર્ષની ઉંમર પહેલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી છે.

# જાફરાબાદનો દરિયો ગાંડોતૂર, ૧૫ ફૂટ ઊંચા મોજા ઉછળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૫

સૌરાષ્ટ્રમાં ચોમાસાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, ત્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં કુદરતનો પ્રકોપ સ્પષ્ટપણે જોઈ શકાય છે. અમરેલી જિલ્લાના જાફરાબાદનો દરિયો ભારે વરસાદ અને તેજ પવનના કારણે ભયાનક રીતે તોફાની બન્યો છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા ભારે ડિપ્રેશન અને હવામાન વિભાગની અતિભારે વરસાદની ચેતવણી (રેડ એલર્ટ) ને પગલે દરિયાના પાણીમાં પ્રચંડ કરંટ જોવા મળી રહ્યો છે. દરિયા કિનારે અથડાતા મોજાઓની ઊંચાઈ ૧૫ ફૂટ સુધી પહોંચી ગઈ છે, જેના કારણે કિનારાના પથ્થરો અને જેટી પર પાણી ફરી વળ્યા છે.

પરિસ્થિતિની ગંભીરતાને સમજીને જાફરાબાદ પોર્ટ ઓથોરિટી અને કલેક્ટર તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી જાફરાબાદ બંદર પર ૩ નંબરનું ભયસૂચક સિગ્નલ હોઈસ્ટ (લગાવી) કરી દેવામાં આવ્યું છે. આ સિગ્નલ દર્શાવે છે કે દરિયામાં ભારે પવન અને તોફાની વાતાવરણ છે, જે નેવિગેશન માટે જોખમી છે. માછીમારોની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રિમતા આપીને પ્રશાસને દરિયામાં રહેલી તમામ બોટોને તાત્કાલિક જેટી પર પરત ફરવા રેડિયો મેસેજ મોકલ્યા હતા. જેના પગલે અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ નાની-મોટી ફિશિંગ બોટોને કિનારે લાવીને સલામત રીતે લાંગરી દેવામાં આવી છે.

દરિયો વધુ રફ અને ભયાનક બનતા જાફરાબાદ, શિયાળબેટ અને આસપાસના દરિયાકાંઠાના વિસ્તારોમાં સ્થાનિક પોલીસ અને રેવન્યુ તંત્ર દ્વારા પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે. ચોમાસાની આ સ્થિતિમાં લોકો કે પ્રવાસીઓ મોજા જોવાની લાલચે દરિયા કિનારે ન જાય તે માટે લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

તંત્રએ લોકોને અપીલ કરી છે કે દરિયાઈ પટ્ટી પર જવાનું સાહસ ન કરવું, કારણ કે ગમે ત્યારે પાણીનું સ્તર હજી વધી શકે છે. આગામી ૪૮ કલાક માટે તટીય વિસ્તારો પર હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે ટોળાએ એન્જિનિયર-કોન્ટ્રાક્ટરને ઘેર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
બનાસકાંઠા,તા.૫

બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં આવેલા ઈકબાલગઢ-બનાસ બ્રિજની રિપેરિંગ કામગીરીમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાના ગંભીર આક્ષેપો સાથે સ્થાનિક રહીશોમાં પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો છે. બ્રિજના સમારકામની કથળતી ગુણવત્તા અને તંત્રની લાપરવાહી સામે લાવવા માટે આજુબાજુના ગામોના આશરે ૫૦૦ જેટલા લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. આ રોષે ભરાયેલા ગ્રામજનોએ ઘટનાસ્થળે જઈને કામ કરી રહેલા એન્જિનિયર અને કોન્ટ્રાક્ટરને ઘેરી લીધા હતા અને ત્યાં જ તેમનો ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો, જેના કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ગ્રામજનોનો સીધો આક્ષેપ છે કે ચોમાસાની સિઝન શરૂ થઈ ગઈ છે અને બ્રિજ પરથી હજારો વાહનો પસાર થાય છે, તેમ છતાં કોન્ટ્રાક્ટર દ્વારા રિપેરિંગ કામમાં અત્યંત હલકી કક્ષા મટીરિયલ વાપરવામાં આવી રહ્યું છે. કામની ગુણવત્તા અંગે અનેક ગંભીર સવાલો ઉઠાવતા લોકોએ જણાવ્યું કે, જો આ પ્રકારે જ લોટ પાણી ને લાકડા જેવું કામ ચાલશે, તો ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે અને લોકોના જીવ જોખમમાં મુકાઈ શકે છે. સ્થાનિકોએ એન્જિનિયરની હાજરી પર પણ સવાલ ઉઠાવ્યા હતા કે તેમની દેખરેખ હેઠળ આ પ્રકારનું નબળું કામ કેવી રીતે મંજૂર કરવામાં આવી રહ્યું છે.

સ્થિતિ તંગ બનતા મામલો વધુ બિચકે તે પહેલા ઉચ્ચ અધિકારીઓને પણ જાણ કરવામાં આવી હતી. ગ્રામજનોએ એકસૂરે માંગ કરી છે કે આ સમગ્ર રિપેરિંગ કામની ઉચ્ચસ્તરીય તટસ્થ તપાસ કરવામાં આવે અને ભ્રષ્ટાચાર આચરનારા કોન્ટ્રાક્ટર તેમજ જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવે.

રથયાત્રા, કાયદો-વ્યવસ્થા અને ટ્રાફિક રહેશે મુખ્ય પડકાર

# અમદાવાદના નવા CP તરીકે અનુપમસિંહ ગેહલોતે સંભાળ્યો ચાર્જ

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૪

સુરત CP તરીકે ફરજ બજાવતા IPS અનુપમસિંહ ગેહલોતની બદલી થતાં તેમણે આજે અમદાવાદના નવા પોલીસ કમિશનર તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. રાજ્યના ડીજીપી અને અમદાવાદના ઈન્ચાર્જ પોલીસ કમિશનર જી.એસ મલિકે તેમણે વિધિવત રીતે ચાર્જ સોંપ્યો છે. કચેરી ખાતે તેમણે ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું હતું. અમદાવાદના પોલીસ કમિશનર તરીકેનો ચાર્જ સંભાળતા જ અનુપમસિંહ ગેહલોતે કહ્યું કે અમદાવાદ શહેરની એક જૂની અને આગવી ઓળખ છે, પાટનગરથી સૌથી નજીક અને રાજ્યનું સૌથી મોટું શહેર છે. પોલીસ સામાન્ય નાગરિકો માટે કામ કરશે.જે પણ વ્યક્તિ નાગરિકોને હેરાન કરશે અને તેની નોંધ પોલીસ ચોપડે ના થઈ હોય છતાં પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. જો કોઈ પોલીસનું પણ નાગરિકો માટેનું વાણી વર્તન યોગ્ય ન હોય તો તેની સામે પણ પગલાં લેવામાં આવશે. વધુમાં તેમણે કહ્યું કે- 'અમદાવાદમાં પોલીસ માટે ઘણા પડકારો છે.અમદાવાદમાં કાયદો વ્યવસ્થા ખૂબ જ સારી રીતે જળવાઈ રહી છે. વર્ષોથી અમદાવાદ પોલીસે કરેલા કામને આગળ વધારવાના છે.

હાલ ચાર્જ લીધા બાદ સૌથી મહત્વનું કામ રથયાત્રાનું છે જે અમદાવાદમાં સૌથી મોટો તહેવાર છે.જે બાદ અમદાવાદ માટેના પડકારોમાં એક વિકસતા અમદાવાદમાં ટ્રાફિક મોટો પડકાર છે. આ ઉપરાંત આગામી સમયમાં કોમનવેલ્થ અને અન્ય ગેમ્સ અમદાવાદમાં રમાવાની છે જેમાં ટ્રાફિકને લઈને કામ કરવામાં આવશે કાયદો વ્યવસ્થા જળવાઈ તે મહત્વની વાત છે.'

કોણ છે IPS અનુપમસિંહ ગેહલોત?

૧૯૯૭ બેચના IPS અધિકારી, ઉત્તર પ્રદેશના વતની

બી.ઈ. (B.E.) તેમજ એમ.ટેક. (M.Tech.) સુધીનો ઉચ્ચ અભ્યાસ

સૌપ્રથમ ભાવનગર અને ત્યારબાદ પાટણ જિલ્લામાં પોલીસ અધિક્ષક (SP) તરીકે ફરજ

પ્રમોશન બાદ રાજકોટ અને વડોદરાના પોલીસ કમિશનર

વડોદરા બાદ તેમની બદલી સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરો (IB)માં કરવામાં આવી હતી

# છારોડીના કાફેમાં નશીલી ફ્લેવરનું વેચાણ ઝડપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૫

અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને નશાના કારોબાર સામે અમદાવાદ પોલીસે લાલ આંખ કરી છે. અમદાવાદના હબ ગણાતા એસ.જી. હાઈવે નજીક છારોડી વિસ્તારમાં આવેલા 'એલીઝીયમ કાફે' માં ધમધમતા ગેરકાયદેસર હુક્કાબાર પર સોલા હાઈકોર્ટ પોલીસે ઓચિંતા દરોડા પાડીને મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે આ કાફેમાં યુવાધનને નશાના રવાડે ચડાવવા માટે પ્રતિબંધિત અને નિકોટીનયુક્ત નશીલી ફ્લેવરના હુક્કાનું ગેરકાયદેસર વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે સોલા પોલીસે રેઈડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસના દરોડા દરમિયાન કાફેમાં મોટાપાયે નિકોટીનયુક્ત તમાકુવાળા હુક્કા પીરસવામાં આવી રહ્યા હોવાનું રંગેહાથ ઝડપાયું હતું. પોલીસે ઘટનાસ્થળેથી મુદ્દામાલ જપ્ત કર્યો છે. જપ્ત કરવામાં આવેલા મુદ્દામાલમાં ૭ નંગ ફેન્સી હુક્કા, ફિલ્ટર, પ્રતિબંધિત કેમિકલયુક્ત ફ્લેવર્સ અને હુક્કાબાર ચલાવવા માટે વપરાતી અન્ય ગુનાહિત સામગ્રીનો સમાવેશ થાય છે. આ આખી રેઈડ બાદ કાફે પરિસરમાં ગ્રાહકો અને સંચાલકો વચ્ચે ભારે નાસભાગ મચી ગઈ હતી.

આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવવા બદલ સોલા હાઈકોર્ટ પોલીસે કાફેના સંચાલક હર્ષદકુમાર પ્રજાપતિ અને તેના મેનેજર વિવેક શર્માની અટકાયત કરીને કડક કાયદાકીય સકંજો કસ્યો છે. પકડાયેલા બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન અને સિગારેટ તેમજ અન્ય તમાકુ ઉત્પાદન પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી ધરપકડની કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદમાં મોડી રાત સુધી ચાલતા કાફે કલ્ચરની આડમાં નશાનો વેપાર કરતા તત્વો સામે આ કાર્યવાહીથી ફફડાટ વ્યાપી ગયો છે. સોલા હાઈકોર્ટ પોલીસે આ કાફેમાં નશાની સામગ્રી ક્યાંથી સપ્લાય થતી હતી તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

૧૦ થી વધુ મકાનોમાં પાણી ઘૂસતા ભારે તારાજી

# સિલુડી ગામમાં કમર સુધી પાણી ભરાતા પૂર જેવી સ્થિતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ભરૂચ,તા.૫

ભરૂચ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસાના તોફાની ઈનિંગના કારણે પૂરની ભયાવહ સ્થિતિ પેદા થઈ છે. વાલિયા તાલુકાના સિલુડી ગામમાં આભ ફાટ્યું હોય તેમ વરસેલા અતિભારે વરસાદના લીધે સ્થાનિક કોતરોના પાણી આખા ગામમાં ફરી વળ્યા છે.

જોતજોતામાં ગામના તમામ રસ્તાઓ નદીમાં ફેરવાઈ ગયા હતા અને ઘરોની આસપાસ કમર સુધીના પાણી ભરાઈ જતાં ગ્રામજનો પોતાના જ ઘરોમાં કેદ થઈ ગયા હતા. પૂરના પાણીના સતત ભેજ અને દબાણના કારણે ગામમાં આવેલા ૩થી વધુ જુના અને કાચા મકાનોની દિવાલો અચાનક પત્તાના મહેલની જેમ તૂટી પડી હતી.

સદનસીબે દિવાલ તૂટવાના સમયે જાનહાનિ ટળી હતી અને અંદર હાજર ૧૫થી વધુ લોકોનો આબાદ બચાવ થયો હતો. જોકે, ૧૦થી વધુ મકાનોમાં પૂરના ગંદા પાણી ઘૂસી જતાં અનાજ, કપડાં, ગાદલાં અને ઘરવખરીનો તમામ સામાન સંપૂર્ણપણે પલળી જતાં કફોડી હાલત થઈ છે.

સ્થિતિ વણસતી જોઈને સ્થાનિક સરપંચ અને વાલિયા મામલતદારની ટીમ એક્શનમાં આવી હતી. ટ્રેક્ટર અને દોરડાની મદદથી પૂરના પાણીમાં ફસાયેલા બાળકો અને મહિલાઓ સહિત ૫૦ જેટલા લોકોને સુરક્ષિત બહાર કાઢી ગામની સરકારી શાળામાં શિફ્ટ કરવામાં આવ્યા છે. શાળા આશ્રયસ્થાન ખાતે લોકો માટે રહેવા અને જમવાની પ્રાથમિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. પૂરના કારણે બધું જ ગુમાવી ચૂકેલા પીડિત પરિવારોએ ભારે આક્રોશ સાથે તંત્ર પાસે માંગ કરી છે કે, તેમના નુકસાનનો વહેલી તકે સર્વે કરવામાં આવે અને ખાવા-પીવા તેમજ રહેવા માટે તાત્કાલિક સરકારી સહાય (કેશડોલ્સ) પૂરી પાડવામાં આવે.

# આઈઆઈટી ગાંધીનગર ખાતે યોજાયેલી 'શાશ્વત ઊર્જા' રાષ્ટ્રીય પરિષદમાં પાવર સેક્ટરની સાયબર સુરક્ષા વિષયક પેનલ ચર્ચાનું સફળ સંચાલન




રિસર્ચ પાર્ક, આઈઆઈટી ગાંધીનગર ખાતે તા. ૨ અને ૩ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન "શાશ્વત ઊર્જા – સ્વચ્છ ઊર્જા, હરિત પર્યાવરણ, સુરક્ષિત ભવિષ્ય" થીમ આધારિત રાષ્ટ્રીય પરિષદનું આયોજન **NEED Mission** દ્વારા ***Central Board of Irrigation and Power (CBIP)***ના સહયોગથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને વિજ્ઞાન ભારતી **(VIBHA)** અને વિજ્ઞાન ગુર્જરીનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ પરિષદના **Knowledge Partners** તરીકે **IIT Gandhinagar** અને **GPRD Cell, Gandhinagar** જોડાયા હતા. જ્યારે **Event Sponsros** તરીકે **Gujarat Energy Development Agency (GEDA), i-Hub Gujarat, Eppeltone Engineers, AIAAJ Solar Limited** તથા **Veracity Recycleryu** સહયોગ આપ્યો હતો.

પરિષદના **Event Partners** તરીકે **Gujarat Technological University (GTU), IIT Bombay Alumni Association (Ahmedabad Chapter), Rajesh Power Services Ltd., iCreate (International Centre fro Entrepreneurship and Technology)** તથા અન્ય અગ્રણી સંસ્થાઓ જોડાઈ હતી, જેના કારણે કાર્યક્રમને રાષ્ટ્રીય સ્તરે વિશેષ પ્રતિસાદ મળ્યો હતો.

પરિષદના મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજ્યના વન અને પર્યાવરણ, આબોહવા પરિવર્તન, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના માનનીય કેબિનેટ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ પરિષદ દરમિયાન **"Cyber Security Challenges in the Power Sectro: Securing Critical Infrastructure in the Digital Era"** વિષય પર યોજાયેલી વિશેષ પેનલ ચર્ચાનું સફળ સંચાલન સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના કમ્પ્યુટર એન્જિનિયરિંગ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી વિભાગના વિભાગાધ્યક્ષ પ્રોફે. (ડૉ.) વિજયકુમાર ગઢવી દ્વારા કરવામાં આવ્યું.

પેનલમાં ડૉ. બાપુ એસ. બિંધુમાધવ **(Head, POWERGRID Centre of Excellence in Cyber Security, IISc Bengaluru)**, પ્રો. સરસિજ દાસ **(Associate Professro, IISc Bengaluru)** તથા શ્રી ચંદ્રકાંત પેંડોર **(General Manager–IT, GUVNL)** જેવા દેશના અગ્રણી નિષ્ણાતોએ ભાગ લીધો હતો.

તેમણે પાવર ગ્રીડની સાયબર સુરક્ષા, સ્માર્ટ ગ્રીડ, **SCADA/ICS** સુરક્ષા, **AI** આધારિત સાયબર ડિફેન્સ અને ક્રિટિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના રક્ષણ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું.

પ્રોફે. (ડૉ.) વિજયકુમાર ગઢવી કમ્પ્યુટર એન્જિનિયરિંગ ક્ષેત્રે ૨૧ વર્ષથી વધુનો શૈક્ષણિક, સંશોધન અને વહીવટી અનુભવ ધરાવે છે. તેમણે ૬૧થી વધુ સંશોધન પત્રો, પુસ્તકો અને પેટન્ટ પ્રકાશિત કર્યા છે તથા સાયબર સિક્યુરિટી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને **IoT** ક્ષેત્રે વિશેષ યોગદાન આપ્યું છે.

પરિષદના સફળ આયોજનમાં શ્રી જિગ્નેશ બોરીસાગર અને શ્રી આસ્તિક દઢાણિયાએ સંયોજક તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમના સુચારુ આયોજન અને સંકલનથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

કાર્યક્રમના અંતે ડૉ. વિજયકુમાર ગઢવીએ વિજ્ઞાન ભારતી **(VIBHA)**, વિજ્ઞાન ગુર્જરી, **NEED Mission, CBIP, IIT** ગાંધીનગર, તમામ **Knowledge Partners, Event Sponsros, Event Partners**, સંયોજકો શ્રી જિગ્નેશ બોરીસાગર અને શ્રી આસ્તિક દઢાણિયા, તેમજ તમામ ઉપસ્થિત મહાનુભાવો અને નિષ્ણાતોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આવા રાષ્ટ્રીય મંચો ભારતના ઊર્જા ક્ષેત્રને વધુ સુરક્ષિત, સ્માર્ટ અને આત્મનિર્ભર બનાવવા માટે શિક્ષણ, સંશોધન અને ઉદ્યોગ વચ્ચે અસરકારક સેતુનું કાર્ય કરે છે.

## મફત કોર્પોરેટ ગેરંટી પર GST વસૂલાતનો વિવાદ

# સરકારના નિર્ણય સામે અનેક કંપનીઓએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૫**

કોર્પોરેટ ગેરંટી પર GST વસૂલવાના સરકારના નિર્ણય સામે દેશની અનેક અગ્રણી કંપનીઓએ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. ગુજરાત હાઈકોર્ટમાં પણ રાજ્યની કંપનીઓએ અરજીઓ કરી છે. GST વિભાગે મફત અપાતી ગેરંટીને કરપાત્ર 'સેવા' ગણી ૧%ના દરે ટેક્સ નોટિસો ફટકારતા આ વિવાદ ઊભો થયો છે. કંપનીઓનું કહેવું છે કે, ફી વગર ટેક્સ લાદવો ગેરકાયદેસર છે.

સંબંધિત કંપનીઓ વચ્ચે અપાતી મફત કોર્પોરેટ ગેરંટી પર GST વસૂલવાના ટેક્સ વિભાગના નિર્ણય સામે દેશની અનેક અગ્રણી રાષ્ટ્રીય કંપનીઓએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે. ગુજરાત હાઈકોર્ટમાં પણ રાજ્યની અનેક કંપનીઓએ અરજીઓ કરી સરકારના આ નિર્ણયની કાયદેસરતાને પડકારી છે. હોલ્ડિંગ કંપનીઓ દ્વારા પોતાની સબસિડિયરી કે સિસ્ટર કન્સર્નને લોન મેળવવા માટે અપાતી આવી ગેરંટી પર કોઈ ફી લેવાતી ન હોવા છતાં, GST વિભાગે તેને કરપાત્ર 'સેવા' ગણીને ટેક્સની નોટિસો ફટકારતા આ ગંભીર કાનૂની વિવાદ ઊભો થયો છે અને મામલો ગુજરાત સહિત વિવિધ હાઈકોર્ટો સમક્ષ પહોંચ્યો છે

સામાન્ય રીતે જ્યારે કોઈ હોલ્ડિંગ કંપની પોતાની જ પેટા કંપનીને બેંકમાંથી સરળતાથી લોન મળી રહે તે માટે કોર્પોરેટ ગેરંટી આપે છે, ત્યારે તેના બદલામાં કોઈ અલગ નાણાકીય પ્રતિફળ લેવામાં આવતું નથી. તેમ છતાં, GST વિભાગનું વલણ છે કે આવી ગેરંટી એ 'સેવા' છે, કારણ કે તે માલ (Goods)ની વ્યાખ્યામાં આવતી નથી.CGST નિયમોના Rule ૨૮(૨) હેઠળ, આવી કોર્પોરેટ ગેરંટીનું મૂલ્યાંકન ગેરંટીની કુલ રકમના દર વર્ષે ૧% લેખે નક્કી કરવામાં આવે છે અને તેના આધારે GST વસૂલવામાં આવે છે. ટેક્સ વિભાગની દલીલ છે કે જો કોઈ બહારની ત્રાહિત સંસ્થા કે સરકારી કંપની અન્ય કંપની માટે આવી ગેરંટી આપે, તો તેના પર પણ આ જ નિયમ લાગુ પડે છે. આથી, સંબંધિત પક્ષો વચ્ચે થયેલા આવા વ્યવહારોને અલગથી કોઈ મુક્તિ આપી શકાય નહીં.

બીજી તરફ, ઢગલાબંધ કંપનીઓએ હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ કરીને Rule ૨૮(૨) અને તેને લગતા સરકારી નોટિફિકેશનને કાનૂની રીતે પડકાર્યા છે. અરજદાર કંપનીઓનો મુખ્ય તર્ક એ છે કે જ્યાં કોઈ ફી, કમિશન કે પ્રત્યક્ષ નાણાકીય વળતર જ મળતું નથી, ત્યાં માત્ર કાલ્પનિક મૂલ્ય ઊભું કરીને તેને 'સેવા' માની GST લાદી શકાય નહીં. વાણિજ્યિક વ્યવહાર વગર કે વ્યાપારિક નફાના હેતુ વિના માત્ર ગ્રુપ કંપનીને સહાય કરવાના આશયથી આપેલી ગેરંટી પર ટેક્સ વસૂલવો એ કાયદાકીય સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

સામે પક્ષે, સરકાર અને જીએસટી કાઉન્સિલનું વલણ સ્પષ્ટ છે કે સંબંધિત પક્ષો વચ્ચે થતા આવા વ્યવહારો કાયદાની નજરમાં 'કરપાત્ર પુરવઠો ' છે. GST કાયદાની વિશિષ્ટ જોગવાઈઓ મુજબ, સંબંધિત પક્ષો વચ્ચેના વ્યવહારોમાં પ્રતિફળનો અભાવ હોય તો પણ ટેક્સની જવાબદારી ઊભી થાય છે.

હાલમાં કરોડો રૂપિયાની ટેક્સ લાયબિલિટી ધરાવતો આ અત્યંત જટિલ આર્થિક મુદ્દો દેશની વિવિધ હાઈકોર્ટો સમક્ષ વિચારાધીન છે, અને કોર્ટના અંતિમ ચુકાદા પર હવે સમગ્ર ઉદ્યોગ જગતની મોટી નજર મંડાયેલી છે.

# વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ લેખિત પરીક્ષાની તારીખ જાહેર

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૫**

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) દ્વારા વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગમાં ૯૫૦ ટેકનિકલ કેડરની જગ્યાઓ માટેની લેખિત પરીક્ષાની તારીખ જાહેર કરાઈ છે.

PSI વાયરલેસ, ટેકનિકલ ઓપરેટર, PSI મોટર ટ્રાન્સપોર્ટ અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિકની પરીક્ષા ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રવિવારે યોજાશે. આ ભરતી માટે ૯ જાન્યુઆરીથી ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ફોર્મ ભરાયા હતા.

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB)એ વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગમાં વર્ગ-૩ ટેકનિકલ કેડર સહિતની કુલ ૯૫૦ ખાલી જગ્યાઓ માટે ભરતીની જાહેરાત કરી હતી. ગુજરાત પોલીસ ભરતી બોર્ડે જાહેરાત ક્રમાંક GPRB/૨૦૨૫૨૬/૨ PSI વાયરલેસ તથા ટેકનિકલ ઓપરેટર, જાહેરાત ક્રમાંક GPRB/૨૦૨૫૨૬/૩ PSI મોટર ટ્રાન્સપોર્ટ અને જાહેરાત ક્રમાંક GPRB/૨૦૨૫૨૬/૪ હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિકની લેખિત પરીક્ષાની તારીખ જાહેર કરી છે. GPRB અનુસાર, જાણો પરીક્ષાનો અભ્યાસક્રમ સહિત ભરતી સંબંધિત મહત્ત્વની માહિતી.

GPRBની ભરતી જાહેરાત ક્રમાંક GPRB/૨૦૨૫૨૬(૨, ૩, ૪) અન્વયે PSI વાયરલેસ, ટેકનિકલ ઓપરેટર, PSI મોટર ટ્રાન્સપોર્ટ તથા હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-૧) માટેની લેખિત પરીક્ષા આગામી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રવિવારના રોજ લેવામાં આવશે. GPRBએ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ), ટેકનિકલ ઓપરેટર અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક સહિતની જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા હાથ ધરી છે.

જેમાં વાયરલેસ વિભાગમાં કુલ ૮૩૦ જગ્યાઓ અને મોટર ટ્રાન્સપોર્ટ વભાગમાં કુલ ૮૦ જગ્યાઓ માટે ગત ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના બપોરે ૨ વાગ્યાથી ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ની રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરાયા હતા.

# બેફામ સ્પીડે આવતી કારે રોડ પર ચાલતી બે યુવતીને હવામાં ફંગોળી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**મહીસાગર,તા.૫**

મહીસાગર જિલ્લામાં એક ચકચારી અને કાળજું કમ્પાવી દે તેવો અકસ્માત સામે આવ્યો છે. અહીં એક ઈક કારચાલકે પૂરપાટ અને બેફામ ગતિએ ઈકો હંકારી રોડ કિનારે ચાલીને જઈ રહેલી બે યુવતીઓને જોરદાર અડફેટમાં લીધી હતી. આ સમગ્ર અકસ્માતની ભયાનક ઘટના નજીકના સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેના દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં લોકોમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, બે યુવતીઓ રોડ પરથી સામાન્ય રીતે પસાર થઈ રહી હતી, ત્યારે પાછળથી કાળ બનીને આવેલી ઈકોચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને બંને યુવતીઓને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે બંને યુવતીઓ ફંગોળાઈને રોડ પર પટકાઈ હતી. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં બંને યુવતીઓને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

ઘટના બનતાની સાથે જ સ્થાનિકો દ્વારા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ની ટીમ ઘટનાસ્થળે પહોંચીને લોહીલુહાણ હાલતમાં રહેલી બંને યુવતીઓને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં લઈ ગઈ હતી,

જ્યાં હાલ તબીબો દ્વારા તેમની સારવાર કરવામાં આવી રહી છે. બીજી તરફ, અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ પણ તપાસ હાથ ધરી છે.

## નીતિન ગડકરીએ કરી દીધી મોટી જાહેરાત

# પેટ્રોલ બાદ હવે ડીઝલમાં પણ ૧૫ ટકા ઈથેનોલ ભેળવવાની તૈયારી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૫

પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણ કરવા પર મચેલો હોબાળો હજુ શાંત નથી થયો ત્યાં ડીઝલમાં પણ તેને મિક્સ કરવાની તૈયારી શરુ થઈ ચૂકી છે.

કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે જીવાશ્મ ઈંધણ પર ભારતની આયાતની નિર્ભરતાને ઘટાડવા માટે પેટ્રોલ બાદ હવે ડીઝલમાં પણ ૧૫ ટકા ઈથેનોલ મિલાવવામાં આવશે. નીતિન ગડકરીએ કહ્યું કે, ઈથેનોલથી વાહનોને કોઈ તકલીફ થતી નથી અને તેનાથી અર્થવ્યવસ્થા પર આયાતનું પ્રેશર પણ ઓછું થાય છે. સરકારે ઈંધણના વિકલ્પ પર રણનીતિ બનાવવાને લઈ નીતિન ગડકરીએ કહ્યું કે, ડીઝલમાં ડાયરેક્ટ ઈથેનોલ નથી મિલાવવામાં આવતો, પણ તેનો આઈસોબ્યૂટેનોલ સોલ્યુશન બનાવી તેને ઈથેનોલમાં મિલાવવામાં આવશે.

આ પ્રક્રિયા સંપૂર્ણપણે ટેકનિકલ રીતે પરીક્ષણ માથી પસાર થઈ ચૂકી છે અને ઈથેનોલને પહેલા આઈસોબ્યૂટેનોલમાં પરિવર્તિત કર્યા બાદ તેને ડીઝલમાં ભેળવવામાં આવશે. શરુઆતમાં ડીઝલમાં ૧૫ ટકા આઈસોબ્યૂટેનોલનું મિશ્રણ કરવામાં આવશે. આ ભારતની ઊર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ આગળ વધવા અને ટ્રાન્સપોર્ટેશનમાં ક્લીન એનર્જીને સામેલ કરવા તરફ એક મોટું પગલું હશે.

પ્રશિક્ષણમાં આવ્યા સારા પરિણામ: નીતિન ગડકરીએ કહ્યું કે, ડીઝલમાં આઈસોબ્યૂટેનોલ જે ઈથેનોલનું જ એક રૂપ છે, તેને ભેળવવાને લઈ ચાલી રહેલી ટેસ્ટિંગના પરિણામ સારા આવ્યા છે.

તેનો પાયલટ પ્રોજેક્ટ ખૂબ જ સરળ રહ્યો છે અને હવે તેને ગ્રાઉન્ડ લેવલ પર ભેળવવાની તૈયારી છે. તેનું પરીક્ષણ કરવા માટે અમે ૧૦૦ ટકા ઈથેનોલ અને આઈસોબ્યૂટેનોલ સાથે બે જનરેટરને ચલાવ્યા, જેથી એ સાબિત થાય છે કે હવે એન્જિન આ પ્રકારના ઈંધણથી ચાલવા માટે સંપૂર્ણપણે તૈયાર થઈ ચૂક્યા છે.

E૨૦ પેટ્રોલ પર વિવાદ બાદ આવ્યું નિવેદન: કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીનું આ નિવેદન પેટ્રોલિયમ મંત્રાલયના એ નિવેદન બાદ આવ્યું છે, જેમાં E-૨૦ પેટ્રોલના વાહનો માટે સંપૂર્ણ સુરક્ષિત ગણાવી રહ્યા છે. ગડકરીએ કહ્યું કે, આઈસોબ્યૂટેનોલ નેક્સ્ટ જનરેશનનું બાયોફ્યૂલ છે. જે ખૂબ જ સારું પરફોર્મન્સ આપે છે.

આઈસોબ્યૂટેનોલની એનર્જી ડેન્સિટી ખૂબ જ સારી છે અને તે ભવિષ્યનું ઈંધણ બનવા માટે કાબેલ છે. આ અગાઉ પેટ્રોલિયમ મંત્રાલયે એ તમામ વાતોને ફગાવી દીધી હતી, જેમાં કહેવાઈ રહ્યું હતું કે E-૨૦ પેટ્રોલના કારણે વાહનોના એન્જિન ખરાબ થઈ રહ્યા છે અને ઈન્શ્યોરન્સ કંપનીઓ તેની વોરંટી લેવાની ના પાડી રહી છે.

કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલયે એવું પણ કહ્યું હતું કે ભારત સરકારે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવાનો ટાર્ગેટ સમય કરતા વહેલો પ્રાપ્ત કરી લીધો છે. ભારતે E-૨૦ પેટ્રોલના વેચાણ ડિસેમ્બર ૨૦૨૫થી સંપૂર્ણપણે કરવાનું શરુ કરી દીધું છે, જે નિશ્ચિત શિડ્યૂલ કરતા પહેલા છે. સત્તાવાર આંકડામાં જણાવી રહ્યા છે કે તેનાથી ભારત સરકારના ખજાનામાં ૧.૯૦ લાખ કરોડ રૂપિયાની વિદેશી મુદ્રા બચાવવામાં મદદ મળી છે.

E૨૦ પેટ્રોલ ન ફક્ત ભારત પર આયાતનો બોજ ઓછો થયો છે, પણ કાર્બનનું ઉત્સર્જન ઘટાડવા અને ખેડૂતોની આવક વધારવામાં પણ સફળતા પ્રાપ્ત થઈ છે.

# પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન ૨૦૨૬ અંતર્ગત સુરત મહાનગર પ્રશિક્ષણ વર્ગ



**બ્યુરો રિપોર્ટ**
**જયુ ટાંક પત્રકાર સુરત**

ભારતીય જનતા પાર્ટી - ગુજરાત પ્રદેશના માર્ગદર્શન હેઠળ આયોજિત "પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન - ૨૦૨૬" અંતર્ગત, ગ્રીન પેરેડાઈઝ ,પરુજણ ગામ, ઉભરાટ રોડ ખાતે સુરત મહાનગર ભાજપ ના કાર્યકર્તા ઓનો પ્રશિક્ષણ વર્ગ શરૂ થયેલ

જેમાં આજ રોજ છઠ્ઠા દિવસે ૫ વોર્ડ ના કાર્યકર્તાઓ વિવિધ સત્રો માં વિવિધ વિષયો પર વિવિધ વક્તાઓ થકી પ્રશિક્ષિત થયાં છે.

વોર્ડ નંબર ૧૩/૨૧/૨૫/૨૭/૨૯ રાખવામાં આવ્યા હતા આ વર્ગમાં વોર્ડ દીઠ કુલ ૭ સત્રો રાખવા મા આવેલ હતા જેમાં કુલ ૭ સત્રો યોજાશે.

આ સત્રમાં મુખ્ય ઉદ્ઘાટક તરીકે પ્રશિક્ષણના પ્રભારી અને? શહેર મહામંત્રી શ્રી દુર્ગા પ્રસાદ પાંડેજી શહેર મહામંત્રી શ્રી કરસનભાઈ ગોંડલીયા વિરલ ભાઈ ગિલીટવા ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમંતી ઝંખના બેન પટેલ દક્ષિણ ઝોન સહ સંયોજક પ્રશિક્ષણના ડો.પ્રકાશ ચંદ્રજી પટેલ સુરત મહાનગર પ્રશિક્ષણ ના સંયોજક શૈલેષભાઈ પટેલ સહ સંયોજકો તેમજ તેમની ટીમ અને શહેર સંગઠનની ટીમ દ્વારા આયોજન કરાયું જેમા ઉપરોક્ત અગ્રણીઓની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી.

સમાપન સત્રમા નવસારી સાંસદ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી આર પાટીલ સાહેબ ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ ભાઈ મોદી શહેર અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ સ્થાયી સમીતી ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે આગેવાનોએ કાર્યકર્તાઓને સંગઠનની વિચારધારા, રાષ્ટ્રપ્રથમ ના સંકલ્પ, સેવા, સમર્પણ અને સંગઠનને વધુ સશક્ત બનાવવાના મંત્ર સાથે માર્ગદર્શન આપ્યું.

પ્રશિક્ષણ વર્ગ માં કાર્યકર્તાઓમાં નવી ઉર્જા, ઉત્સાહ અને સંગઠન પ્રત્યે વધુ સમર્પિત ભાવનાનું સંચાર થયું છે.

"પ્રશિક્ષિત કાર્યકર્તા જ સશક્ત સંગઠનનો આધાર છે" ના સંકલ્પ સાથે યોજાયેલ આ કાર્યક્રમ કાર્યકર્તાઓ માટે પ્રેરણાદાયી અને માર્ગદર્શક સાબિત થયું હતુ.

# સિધ્ધપુરના માનવની એબેક્સ સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ




પાટણ જિલ્લાની ધર્મનગરી સિદ્ધપુરમાં રહેતા અને મહેસાણાની આનંદ નિકેતન ઈંગ્લિશ સ્કૂલમાં ધોરણ ૪ માં અભ્યાસ કરતા માનવ હરેશ આસનાનીએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગરગૃહ વડોદરા ખાતે યોજાયેલી પ્રોએક્ટિવ નેશનલ એબેકસ સ્પર્ધા લેવલ–૨ માં માત્ર ૪ મિનિટ ૪ સેકન્ડમાં ૧૦૦ માંથી ૯૬ ગુણ મેળવી રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને પરિવાર, શાળા, સિધ્ધપુર તેમજ સિંધી સમાજનું નામ ઉજ્જવળ કર્યું છે.આ સિદ્ધિ તેના સતત પરિશ્રમ, એકાગ્રતા, આત્મવિશ્વાસ તેમજ માતા-પિતા અને ગુરુજનોના ઉત્તમ માર્ગદર્શનનું ફળ છે.સ્નેહીજનોએ ચિં.માનવને જીવનમાં સતત પ્રગતિ, ઉત્તમ સ્વાસ્થ્ય, સફળતા અને યશના નવા શિખરો સર કરે એવા આશીર્વાદ પાઠવ્યા હતા.

# જામનગર નજીક ઠેબા ચોકડી પાસે સ્કોર્પિયો અને બાઈક વચ્ચે અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)
જામનગર ,તા.૫

જામનગર-ખંભાળિયા માર્ગ પર ઠેબા ચોકડી નજીક આવેલા દરેડ નીલગીરી ગોળાઈ પાસે ગત રાત્રે આશરે ૧૦.૧૫ વાગ્યે સ્કોર્પિયો અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક પર સવાર ચાર વ્યક્તિઓ પૈકી બે યુવાનોને ઈજા પહોંચતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જી.જી. હોસ્પિટલ, જામનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં ઘાયલ થયેલા મુકેશભાઈ નામના એક શ્રમિક યુવાનનું ગંભીર ઈજા થવાના કારણે અંતરિયાળ મૃત્યુ નિપજ્યું છે.

જ્યારે દેવાભાઈ વિરાભાઈ ભાટીયા (ઉ.વ.૨૦)ને શરીરે છોલા પડવા, રક્તસ્રાવ થવો, નબળાઈ અનુભવવી તેમજ જમણા પગના ફીમર હાડકામાં ગંભીર ફ્રેક્ચર અને જમણા હાથના કાંડા પાસે નાનો ઘા થયો હતો. ૧૦૮ની ટીમ દ્વારા પ્રાથમિક સારવાર આપીને સ્પ્લિન્ટિંગ, ઘાની સારવાર તથા આઈવી એક્સેસ સહિતની તબીબી કાર્યવાહી કરવામાં આવી હતી. બીજા ઘાયલ ધર્મિકભાઈ હીરાભાઈ સોલંકી (ઉ.વ.૧૭)ને શરીરે સામાન્ય ઈજા તેમજ ચક્કર આવવાની ફરિયાદ હતી. તેમને પ્રાથમિક સારવાર સાથે ઓક્સિજન આપીને વધુ સારવાર અર્થે જી.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.જયારે અન્ય એક શ્રમિક યુવાન પણ ઘાયલ થઈને બેશુદ્ધ થયો છે, અને સારવાર હેઠળ છે. અકસ્માત અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# પાટિયા ગ્રુપ, હળવદ દ્વારા ૧૦,૦૦૦ ફુલસ્કેપ અને ૩૦૦ સ્કૂલબેગનું નિઃશુલ્ક વિતરણ




## શિક્ષણ સહાયના સેવાયજ્ઞથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશી, સમાજસેવાનું પ્રેરણાદાયી ઉદાહરણ

હળવદના સેવાભાવી પાટિયા ગ્રુપ દ્વારા વિવિધ દાતાશ્રીઓના સહયોગથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ૧૦,૦૦૦ ફુલસ્કેપ અને ૩૦૦ સ્કૂલબેગનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષણને પ્રોત્સાહન આપતા આ સેવાયજ્ઞનો ભવ્ય કાર્યક્રમ શ્રી શરણેશ્વર મહાદેવ મંદિર, હળવદ ખાતે શ્રદ્ધા, સેવા અને સમાજહિતના માહોલમાં યોજાયો હતો.

કાર્યક્રમની શુભ શરૂઆત ભગવાન શ્રી શરણેશ્વર મહાદેવજીના સાનિધ્યમાં દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સાયબર સેલના મુખ્ય અધિકારી ડૉ. રાજદીપસિંહ ઝાલા (એસ.પી.) ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે શ્રી બીપીનભાઈ દવે, શ્રી અશ્વિનભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી વિપુલભાઈ દવે, શ્રી જયેશભાઈ પટેલ, શ્રી તપનભાઈ દવે, શ્રી વિશાલભાઈ રાવલ, ડૉ. કિશોર કવાડિયા, ડૉ. ઉર્વશીબેન પંડ્યા, શ્રીમતી હીનાબેન મહેતા, શ્રી દિલીપભાઈ રાવલ, ડૉ. અનિલ પટેલ, શ્રી વિનુભાઈ પટેલ, શ્રી અતુલભાઈ પાઠક સહિત અનેક આગેવાનો, દાતાશ્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત તમામ મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પાટિયા ગ્રુપ દ્વારા વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવતી શૈક્ષણિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત પરિચય રજૂ કરવામાં આવ્યો હતો, જેને સૌએ બિરદાવ્યો હતો. હળવદનું ગૌરવ અને પાટિયા ગ્રુપના સભ્ય ડૉ. રાજદીપસિંહ ઝાલા (એસ.પી.) નું પાઘડી, શાલ અને સન્માનપત્ર અર્પણ કરીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામદેવતા લક્ષ્મીનારાયણ મંદિરના મહંત પૂજ્ય શ્રી દીપકદાસજી મહારાજના આશીર્વચન પ્રાપ્ત થયા હતા. તેમણે શિક્ષણ, સંસ્કાર અને સમાજસેવાના મહત્ત્વ પર પ્રકાશ પાડી પાટિયા ગ્રુપના સેવાકીય પ્રયાસોની પ્રશંસા કરી હતી.

ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ અને ફુલસ્કેપનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સુંદર અને અસરકારક સંચાલન શ્રી રાજુભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ, દાતાશ્રીઓ, મહેમાનો, વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો તથા શહેરના આગેવાન નાગરિકોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.

કાર્યક્રમના અંતે શ્રી શરણેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ, તમામ દાતાશ્રીઓ, પાટિયા ગ્રુપના કાર્યકર્તાઓ, વિવિધ સામાજિક સંસ્થાઓ, સાફ-સફાઈ કર્મચારીઓ, પત્રકાર મિત્રો તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામ નામી-અનામી સેવાભાવીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

અંતમાં તમામ મહેમાનો, દાતાશ્રીઓ, વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત સૌએ સ્વાદિષ્ટ સ્વરુચિ ભોજનનો લાભ લીધો હતો.

પાટિયા ગ્રુપ, હળવદ દ્વારા સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ માટે સતત પ્રોત્સાહન મળે અને સેવા, સંસ્કાર તથા સામાજિક જવાબદારીની ભાવના વધુ મજબૂત બને તેવા લોકોપયોગી સેવાકીય કાર્યો ભવિષ્યમાં પણ સતત ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ગાંધીનગર જિલ્લામાં કિશોરી મેળાનું આયોજન

## કિશોરીઓને આરોગ્ય, સુરક્ષા અને મહિલા કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું




ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા માણસા તાલુકાના ચરાડા ગામ સ્થિત કે.જી. માધ્યમિક શાળામાં એક વિશેષ 'કિશોરી મેળા'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કિશોરીઓમાં આરોગ્ય, શિક્ષણ, સુરક્ષા, સ્વચ્છતા તથા મહિલા સશક્તિકરણ અંગે જાગૃતિ લાવવાના મુખ્ય હેતુ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, જિલ્લા આરોગ્ય વિભાગ તેમજ લીડ બેન્કના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન કિશોરીઓને માસિક સ્વચ્છતા અંગે જાગૃત કરવા માટે સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ જિલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા કિશોરીઓને આરોગ્ય, પોષણ તેમજ માસિક દરમિયાન રાખવાની સ્વચ્છતા અંગે વૈજ્ઞાનિક માહિતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કિશોરીઓની સુરક્ષા અને કાયદાકીય અધિકારો મજબૂત કરવાના ભાગરૂપે જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા બાળ સુરક્ષા સંબંધિત જુવેનાઈલ જસ્ટિસ અધિનિયમ તથા પોક્સો અધિનિયમ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત કિશોરીઓ અને મહિલાઓના આર્થિક સશક્તિકરણ માટે લીડ બેન્કના પ્રતિનિધિ શ્રી અનિલ પુરોહિત દ્વારા મહિલાઓ માટે ઉપલબ્ધ વિવિધ બેંકેબલ અને સ્વરોજગારલક્ષી યોજનાઓ અંગે મહત્વનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કચેરીના કર્મચારીઓ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ મહિલાલક્ષી કલ્યાણકારી યોજનાઓની વિગતવાર માહિતી આપી કિશોરીઓને તેનો લાભ લેવા પ્રેરિત કરવામાં આવી હતી. આ કિશોરી મેળામાં શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## વિચરતા સમુદાયની ચિંતા કરી તેમના માટે સતત કાર્યરત રહેવા બદલ વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) અને સહયોગીઓને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા




ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના પાનસર ગામે વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) અને ડૉ. કે. આર શ્રોફ ફાઉન્ડેશન સંચાલિત શાંતિ નિવાસ હોસ્ટેલનો ઉદ્ઘાટન અને વલ્લભ વિદ્યાવિહાર શાળાના ભવનનો ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે તેમના સંબોધનમાં વિચરતા સમુદાયના બાળકોની ચિંતા કરી તેમના શિક્ષણ, નિવાસ અને ભોજન સહિતની વ્યવસ્થાની સુનિશ્ચિતતા માટે સતત કાર્યરત રહેવા બદલ વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) અને સહયોગીઓને અભિનંદન પાઠવ્યા હતાં. તેમણે કહ્યું કે, દેશના વડાપ્રધાન આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ તેમનું બાળપણ ગરીબી વચ્ચે સામાન્ય પરિસ્થિતિમાં પસાર કર્યું હતું.

તેમણે ગરીબના ઘરની પરિસ્થિતિ જાતે અનુભવી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબો માટે શું વ્યવસ્થા કરવાથી વ્યથા દૂર થાય તે માટે હરહંમેશ પ્રયત્ન કર્યા છે. આપણે જે વિષમ પરિસ્થિતિમાંથી પસાર થયા છીએ તેમાંથી બીજું કોઈ પસાર ન થાય તે માટે સમાજજીવનમાં ઉપયોગી થવાની પ્રેરણા આપણને શ્રી મોદીજીના જીવનમાંથી મળે છે. ભૂતકાળમાં જેને કોઈ પૂછતુ નહિ તેને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂજ્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આજે ખેતી, નોકરી કે ધંધો કોઈ પણ ક્ષેત્રમાં સફળ કારકિર્દી રહેવા માટે શિક્ષણ અનિવાર્ય છે. શિક્ષિત સમાજનું નિર્માણ જ સમાજ, ગામ, પ્રદેશ અને દેશને આગળ લઈ જશે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં પ્રત્યેક ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય થઈ રહ્યું છે. સમગ્ર દુનિયામાં આજે ભારતની નોંધ લેવાઈ રહી છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના સંકલ્પ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, આપણે સૌએ વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત બનાવવાનું છે અને તે ત્યારે શક્ય બને કે જ્યારે જેમાં છેવાડાનો માણસ પણ મુખ્ય પ્રવાહમાં આવે અને તે માટે રાજ્યની સરકાર કટિબદ્ધતા સાથે કાર્ય કરી રહી છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ પ્રસંગે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, જેમનું કોઈ કાયમી સરનામું નથી હોતું તેવા વિચરતા સમુદાયના બાળકો માટે વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM) દ્વારા પ્રશંસનીય કાર્ય થઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીની વિચારધારા અંત્યોદયની વિચારધારા છે, જે સમાજના છેવાડાના વ્યક્તિની ચિંતા કરી તેના સર્વાંગી વિકાસ અને કલ્યાણને પ્રાથમિકતા આપે છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના કાર્યકાળ દરમિયાન હમેશા છેવાડાના માનવીની ચિંતા કરી છે. તેમણે ઉદાહરણ રૂપે ગામડાઓમાં ૨૪ કલાક વીજળી અને દેશમાં પીએમ આવાસ યોજના હેઠળ ૪ કરોડ પરિવારોને મળેલા આવાસ સહિત સરકારની ગરીબ કલ્યાણ અને સશક્તિકરણની કામગીરી અંગે વાત કરી હતી. શ્રી વિશ્વકર્માએ ઉમેર્યું કે, વિચરતા સમુદાય માટે સંસ્થા દ્વારા કરાઈ રહેલા કાર્યો સંદર્ભે પણ સહયોગ આવશ્યકતા હશે ત્યાં સહયોગ કરવા માટે રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશા તત્પર છે. તેમણે વિચરતા વિમુક્ત જ્ઞાતિના દીકરા-દીકરીઓ તથા નાગરિકોના પરંપરાગત કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે સંસ્થાને હાકલ કરી હતી. તેમણે કહ્યું કે પરંપરાગત કૌશલ્ય દ્વારા તૈયાર થતા સ્વદેશી ઉત્પાદોને ટેગ મળે, ગુણવત્તાયુક્ત ઉત્પાદન થાય, આર્થિક ઉપાર્જન વધે તે માટે પ્રોત્સાહન આપવા સરકાર તત્પર છે. તેમણે ખાદીનું ઉદાહરણ રાખતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી મોદીજીએ ખાદીના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું અને આજે ખાદીનું ટર્નઓવર રૂ. ૧.૫ લાખ કરોડ થી વધુ સુધી પંહોંચ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આ પ્રસંગે આ નવીન પ્રકલ્પો માટે સહયોગ કરનાર તમામ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો

આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી લક્ષ્મણભાઈ ઠાકોર, ભાજપાના વરિષ્ઠ આગેવાન શ્રી ભગવાનદાસ પંચાલ, વિચરતા સમુદાય સમર્થન મંચ (VSSM)ના સ્થાપક સુ.શ્રી મિત્તલબેન પટેલ, ડૉ. કે. આર શ્રોફ ફાઉન્ડેશનના પ્રમુખ ઉદયભાઈ દેસાઈ સહિત દાતાશ્રીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## કલોલ ખાતે ૪૯ કરોડથી વધુના ખર્ચે અત્યાધુનિક ન્યાય અને એડવોકેટ સંકુલનું ભૂમિપૂજન સંપન્ન

# ગુજરાતનું જ્યુડિશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર દેશમાં સર્વશ્રેષ્ઠ: ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલ





ગાંધીનગર,

કલોલ ખાતે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનીતા અગ્રવાલની અધ્યક્ષતામાં અને કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરીયાની વિશેષ ઉપસ્થિતિમાં રૂા. ૪૯ કરોડ કરતાં વધુની રકમના ખર્ચે નવનિર્મિત થનારા અત્યાધુનિક તાલુકા કોર્ટ અને વકીલ મંડળના સંકુલનો ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો.

ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનિતા અગ્રવાલે કલોલ ખાતે નવનિર્મિત અદ્યતન ન્યાયિક સંકુલના પ્રારંભ પ્રસંગે ગૌરવપૂર્વક સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ભવ્ય ઈમારતોની સાથે ગતિશીલ અને અસરકારક ન્યાયિક વ્યવસ્થા એ જ સાચો ન્યાય છે. હાઈકોર્ટે લીધેલા મહત્વપૂર્ણ નીતિવિષયક નિર્ણય અંતર્ગત હવે રાજ્યમાં જ્યાં પણ નવા કોર્ટ બિલ્ડિંગ બનશે, ત્યાં વકીલો માટે અલગ સુવિધાજનક 'એડવોકેટ બિલ્ડિંગ' અનિવાર્યપણે બનાવવામાં આવશે, જેથી કાયદાના રક્ષકોને બેસવા માટે યોગ્ય અને ગૌરવપૂર્ણ સ્થાન મળી રહે.

આ પ્રસંગે તેમણે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઉર્જાવાન કાયદા મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના સક્રિય સહયોગની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, હાઈકોર્ટ દ્વારા મોકલવામાં આવતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત દરખાસ્તોને સરકારે હંમેશા અગ્રતા આપી ત્વરિત મંજૂરી આપી છે, જેના કારણે આજે સમગ્ર ભારતમાં ગુજરાત જ્યુડિશિયરીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર શ્રેષ્ઠ છે.

મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ કલોલના ઔદ્યોગિક અને કૃષિ ક્ષેત્રના ઐતિહાસિક મહત્વને રેખાંકિત કરતાં કહ્યું કે, કલોલ એ દેશના પ્રથમ યુરિયા પ્લાન્ટ અને ઉર્જા ક્ષેત્રે ઓઈલ એક્સ્ટ્રેક્શન માટે જાણીતું સમૃદ્ધ અને મહેનતુ ક્ષેત્ર છે. આવા પ્રગતિશીલ તાલુકામાં કાયદો અને વ્યવસ્થા તેમજ ન્યાયિક પ્રક્રિયા એટલી જ સુદ્રઢ હોવી જરૂરી છે. ન્યાયપાલિકા દેશના આર્થિક વિકાસ અને ઔદ્યોગિક પ્રગતિમાં શાંતિપૂર્વક પોતાના ન્યાયિક ચુકાદાઓ દ્વારા મોટું યોગદાન આપે છે.

સાથે જ તેમણે ઉમેર્યું કે, કલોલ ખાતે હાઈકોર્ટના મોડલ પ્લાન મુજબ ૫+૬ નું મુખ્ય ન્યાયિક સંકુલ અને વકીલો માટે પાર્કિંગ પ્લસ ૬ માળનું અલગ ભવ્ય બિલ્ડિંગ તૈયાર કરાયું છે. જેમાં મધ્યસ્થી સેન્ટર, ફાઈલિંગ સેન્ટર, પબ્લિક ફેસિલિટી, કોન્ફરન્સ હોલ, લાયબ્રેરી અને ચેમ્બર્સ જેવી પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. મધ્યસ્થતા કેન્દ્રને વધુ મજબૂત કરવા આહવાન કરતાં ન્યાયમૂર્તિશ્રીએ કલોલ બાર એસોસિએશનના આશરે ૪૫૦ જેટલા વકીલોને અપીલ કરતાં જણાવ્યું કે, ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી (ä્નજીછ)ના સચિવ સાથે સંકલન સાધી વધુને વધુ વકીલોને હાઈકોર્ટ કક્ષાએ મધ્યસ્થતા માટેની વિશેષ તાલીમ આપવામાં આવે. દરેક તાલુકામાં એક એવું સક્ષમ અને ફૂલ-પ્રોજેક્ટ મેડિએશન સેન્ટર હોવું જોઈએ, જેથી સામાન્ય પક્ષકારોને કોર્ટના લાંબા ચક્કરમાંથી મુક્તિ મળે અને વૈકલ્પિક માધ્યમથી સુખદ સમાધાન થઈ શકે. આ સાથે તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ નૂતન ન્યાય મંદિર માત્ર ઈમારત બનીને નહીં રહે, પરંતુ જનતાનો ન્યાયપાલિકા અને કાયદાના શાસન પ્રત્યેનો વિશ્વાસ વધુ દ્રઢ કરતું એક જીવંત ઉદાહરણ બનશે.

આ પ્રસંગે કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરીયાએ જણાવ્યું હતું કે, આજે માત્ર નૂતન ભવનનું ભૂમિપૂજન નહીં પરંતુ લોકશાહીના મજબૂત સ્તંભ એવા ન્યાયતંત્ર પર કરોડો નાગરિકોના વિશ્વાસનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર નાગરિકોને શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ આપવા માટે કટિબદ્ધ છે. ત્યારે ન્યાયતંત્ર જેટલું મજબૂત હશે, દેશની લોકશાહી તેટલી જ કાયમી અને સુદ્રઢ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેમણે ઉમેર્યું કે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની કાયમી ભાવના રહી છે કે સામાન્યમાં સામાન્ય નાગરિકને પરવડે તેવો અને સુલભ ન્યાય સમયસર મળી રહેવો જોઈએ. જેમ મજબૂત રસ્તાઓ વિકાસ લાવે છે, તેમ મજબૂત ન્યાયિક સંસ્થાઓ સમાજમાં વિશ્વાસનું વાતાવરણ પૂરું પાડે છે. આ આધુનિક ન્યાય સંકુલ ટેકનોલોજીના માધ્યમથી ન્યાય વ્યવસ્થાને વધુ સરળ અને અસરકારક બનાવશે. આ પરિસરમાં વકીલ મિત્રો માટે પણ અલગ અત્યાધુનિક બિલ્ડિંગનું નિર્માણ કરાશે, જેથી કામગીરી વધુ સુગમ બનશે. સમગ્ર ગુજરાતમાં સામાન્ય નાગરિકો માટે ન્યાયની સુલભતા વધારવા માટે ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રીમતી સુનીતા અગ્રવાલના પ્રયાસોને બિરદાવતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, ન્યાયમૂર્તિ શ્રીનો અભિગમ હંમેશાં અરજદારોની મુશ્કેલીઓ નિવારવાનો અને વિવાદોના ઝડપી નિકાલ માટે મધ્યસ્થીને વિશેષ મહત્વ આપવાનો રહ્યો છે. ગુજરાત વડી અદાલતના ન્યાયાધીશ અને ગાંધીનગર જિલ્લાના વહીવટી ન્યાયમૂર્તિ શ્રી નીરલ આર. મહેતાએ આ પ્રસંગે વકિલાતની શરુઆત સમયના અને કલોલ કોર્ટ તથા તાલુકા સાથેના સંસ્મરણો ભાવુકતા સાથે વાગોળતા જણાવ્યું હતું કે, જ્યાંથી શરૂઆત કરી તેજ કોર્ટ સ્થળના ભૂમિ પૂજનમાં ઉપસ્થિત રહેવું એ અદભુત અને યાદગાર ક્ષણ છે.

ગાંધીનગર જિલ્લાના મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રી આશિષ મલ્હોત્રાએ આ પ્રસંગે શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, આ સમારોહ માત્ર એક બાંધકામના પ્રોજેક્ટ કરતાં ઘણો વિશેષ છે. તે ન્યાયની સુલભતા વધારવા માટેની આપણી સામૂહિક પ્રતિબદ્ધતાનું પ્રતીક છે. આ ઈમારત એક એવું 'ન્યાય મંદિર' બનશે, જ્યા કાયદાનું શાસન જળવાઈ રહેશે, બંધારણીય મૂલ્યોનું રક્ષણ થશે અને સામાન્ય નાગરિકનો ન્યાયમાં વિશ્વાસ વધુ મજબૂત થશે.

આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટ ન્યાયમૂર્તિ શ્રી આઈ. જે. વોરા, ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી બિરેન વૈષ્ણવ, કલોલ બાર એસોસિએશનના પ્રમુખ શ્રી કૃણાલ કોઠારી, રજિસ્ટ્રાર શ્રી સંજય સુથાર, કાનૂની વિભાગના સચિવ શ્રી ઉપેન્દ્ર ભટ્ટ, કલોલ બાર એસોસિએશનના પદાધિકારીઓ અને અધિકારીશ્રીઓ તથા બહોળી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

Printed/Published/Owned by ILEVAN H. THAKAR on behalf of ILEVAN H. THAKAR and Printed at JAY GRAPHICS AND PRINTERS, C/15, Vikram Chambers, Income Tax, Ashram Raod, Ahmedabad-380 009, Published at 1-503, Pramukh Aura, Nr. Pramukh Nagar Bunglows, Pramukh Nagar Road. Kh-0 Road, Sargasan Char Rasta, GANDHINAGAR. (GUJ) Editor: ILEVAN H. THAKAR